**QUERY NO.8**

➔ NOC for overlap from PH Work Divisions, GWSSB Junagadh is attached here with.

Deputy Engg.
P . G. V. C. L.
Gandhigram S/Dn.
JUNAGADH.

Executive Engineer (City)
P.G.V.C.L., JUNAGADH

Scanned with CamScanner

# ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થાં બોર્ડ

(ગુજરાત સરકારનું સાહસ)

કાર્યપાલક ઇજનેરશ્રીની કચેરી, જા.આ.બાંધકામ વિભાગ,

"જલ-ભવન" બીલખા રોડ, જુનાગઢ.

મો. નં. ૯૯૭૮૪૦૬૮૨૪ - (૦૨૮૫) -(0) ૨૬૨૫૦૩૬ (Fax No. ૦૨૮૫ ૨૬૫૦૭૦૧) ઇ-મેઇલ : ee1jnd@gmail.com

નં.પીબી/ગીરનાર વોટર સપ્લાય/ ૩૭૮૯
૨૭/૧૨/૧૯

પ્રતિ
કાર્યપાલક ઇજનેરશ્રી,
PGVCL શહેર વિભાગ,
એમ.જી.રોડ,
જુનાગઢ

વિષય :- ગીરનાર પર્વત ખાતે રોપ-વે પ્રોજેક્ટને પાવર સપ્લાય આપવા માટેનો "ઓબ્જેકશન સર્ટિફિકેટ" આપવા બાબત.

સંદર્ભ :- નાયબ કાર્યપાલક ઇજનેરશ્રી, PGVCL, ગાંધીગ્રામ પેટા વિભાગ,જુનાગઢનાં પત્ર નં. ગાંગા/ટેક/૭૪૮૮ તા. ૦૬.૧૨.૨૦૧૯ (પત્ર અત્રેની કચેરીને ઉદેશીને લખાયેલ)

જયભારત સાથ ઉપરોક્ત વિષય અને સંદર્ભપત્ર અન્વયે જણાવવાનું કે, ગીરનાર પર્વત ખાતે રોપ-વે પ્રોજેક્ટને પાવર સપ્લાય આપવા માટે ગાંધીગ્રામ સબ-ડિવિઝન પી.જી.વી.સી.એલ. દ્વારા ભવનાથ તળેટીથી અંબાજી મંદીર સુધી ૧૧ KV અંડર ગ્રાઉન્ડ કેબલ નાખવાનો હોવાથી સદર પ્રોજેક્ટ ફોરેસ્ટ વિસ્તારમાં આવતો હોવાથી ફોરેસ્ટ કલીયરન્સ માટે પી.જી.વી.સી.એલ. દ્વારા અરજી કરવામાં આવેલ હોય કેબલ નાંખવા માટે અત્રેનાં વિભાગનું No Objection Certificate માંગવામાં આવેલ છે. આ અંગે જણાવવાનું કે અત્રેનાં વિભાગ દ્વારા ગીરનાર પર્વત પાણી પુરવઠા યોજના માટે ભવનાથ તળેટીથી અંબાજી સુધી પીવાના પાણીની પાઇપલાઇન નાખવાની હોવાથી ફોરેસ્ટ કલીયરન્સ માટે ફોરેસ્ટમાં દરખાસ્ત કરેલ છે. પી.જી.વી.સી.એલ. વિભાગનો કેબલ તથા પીવાના પાણીની પાઇપલાઇન બન્નેની લાઇન આઉટ પગથીયાની ડાબી સાઇડમાં નાખવાની થાય છે. જેથી ફોરેસ્ટ વિભાગ દ્વારા અત્રેના વિભાગનું નો-ઓબ્જેકશન સર્ટીફિકેટ પી.જી.વી.સી.એલ. પાસે માંગવામાં આવેલ છે. જે અન્વયે પી.જી.વી.સી.એલ. દ્વારા સંદર્ભપત્રથી સાદર અરજી અન્વયે જણાવવાનું કે અત્રેના વિભાગ દ્વારા આશરે ૪૦૦૦ મીટર લંબાઇમાં ભવનાથ તળેટીથી અંબાજી મંદિર સુધી પાઇપલાઇન નાખવાનું તેમજ ગીરનાર પર્વત પર અલગ અલગ ૩ જગ્યાએ પંપીંગ સ્ટેશન બનાવવાનું આયોજન છે તથા આ પાઇપલાઇનની કામગીરી પગથીયાથી ૨ મીટરની પહોળાઇમાં કરવાની થાય છે. જેથી પગથીયાની ડાબી બાજુ ૨ મીટરની જગ્યા છોડી અત્રેના વિભાગની કામગીરીમાં અડચણ ન થાય તેમ કેબલીંગની કામગીરી થાય તો અત્રેથી હરકત સરખુ જણાતુ નથી. પીવાના પાણીની સુચિત યોજનાનાં પંપીંગ સ્ટેશનો માટે ડીટેઇલ્ડ ડીઝાઇન સહ ના ડી.પી.આર. મંજુર થયે આપણા વિભાગે પણ જરૂરી વીજ કનેકશન આપવાનું થશે જે વિદીત થઇ યોગ્ય થવા વિનંતી.

બિડાણ :- ઉપર મુજબ

કાર્યપાલક ઇજનેર,
જા.આ.બાંધકામ વિભાગ, જુનાગઢ

નકલ રવાના પ્રતિ:-

૧) નાયબ કાર્યપાલક ઇજનેરશ્રી, PGVCL, ગાંધીગ્રામ પેટા વિભાગ,જુનાગઢ – તરફ સંદર્ભપત્ર અન્વયે જાણ સારૂ.
૨) નાયબ કાર્યપાલક ઇજનેરશ્રી, જા.આ.સુ.પેટા વિભાગ,જુનાગઢ- તરફ આપની કચેરીનાં પત્ર નં. પીબી/ ૧૫૮૧ તા. ૧૧.૧૨.૨૦૧૯ અન્વયે જાણ સારૂ.



Scanned with CamScanner

Scanned with CamScanner